# ડીસીએમ શ્રીરામ લિમિટેડ દ્વારા રાષ્ટ્રીય સેફટી દિવસની ઉજવણી

તારીખ ૦૪-૦૩-૨૦૧૯ થી ૧૦-૦૩-૨૦૧૯ દરમિયાન ડીસીએમ શ્રીરામ લિમિટેડ દ્વારા રાષ્ટ્રીય સેફટી વીકની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કંપનીના કાર્યકરો, વિધ્યાર્થીઓ, કોન્ટ્રાક્ટર્સ તથા જનસમુદાયને સાથે રાખી વિવિધ કાર્યક્રમો જેવા કે રેલી, પ્રદર્શની, પ્રશ્નોત્તરી, રમતો, ચિત્રસ્પર્ધા, નિદર્શન વિગેરેનું આયોજન કરવામાં આવેલ હતું. શ્રી શેખર ખાનોલકર, એક્સીક્યુટીવ ડિરેક્ટર અને સીઈઓ- કેમિકલ્સ, તથા શ્રી આદિત્ય શ્રીરામ, પ્રેસિડેન્ટ-કેમિકલ્સ દ્વારા કંપનીની કર્મચારીઓની હાજરીમાં સેફટી પ્રદર્શની ખુલ્લી મુકવામાં આવી હતી. કાર્યક્રમો દરમિયાન શ્રી એસ સી બામણીયા, જોઈન્ટ ડિરેક્ટર, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ તથા શ્રી પી એચ પટેલ, ડેપ્યુટી ડિરેક્ટર, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ દ્વારા પણ પ્રદર્શનીની મુલાકાત કરવામાં આવી હતી તથા સેલોદ મુકામે શાળાના બાળકો અને ગામના લોકોને પણ સેફટી વિષયે માહિતગાર કર્યાં હતા.